પરિચય વિભાગ By www.tethtatguru.com

# સાહિત્યકારો પરિચય પાર્ટ- ૭

www.tethtatguru.com

## રાજેન્દ્ર શુક્લ

| રાજેન્દ્ર શુક્લ | |
|---|---|
| જન્મ | ૧૨ ઓક્ટોબર ૧૯૪૨<br>બાંટવા, ગુજરાત, ભારત |
| વ્યવસાય | કવિ, વિવેચક |
| ભાષા | ગુજરાતી |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| મુખ્ય પુરસ્કારો | ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક (૧૯૮૦-૮૧)<br>સાહિત્ય અકાદમી પુરસ્કાર (૨૦૦૫-૦૬)<br>રણજિતરામ સુવર્ણચંદ્રક (૨૦૦૬)<br>નરસિંહ મહેતા એવોર્ડ<br>કવિ શ્રી ન્હાનાલાલ પારિતોષિક |

**રાજેન્દ્ર અનંતરાય શુકલ** ગુજરાતી કવિ અને ગઝલકાર છે.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

## જીવન

તેમનો જન્મ ૧૨ ઓક્ટોબર ૧૯૪૨ના રોજ જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામે વિદ્યાબહેન અને અનંતરાય શુક્લને ત્યાં થયો હતો. માધ્યમિક શિક્ષણ તેમણે ગામમાં પૂર્ણ કર્યું અને ત્યારબાદ તેમણે અમદાવાદની એલ. ડી. આર્ટસ્ કોલેજ ખાતે ૧૯૬૫માં સંસ્કૃત અને પ્રાકૃત વિષયોમાં બી.એ. અને ૧૯૬૭માં એમ.એ.ની પદવીઓ મેળવી. ૧૯૮૨ સુધી તેમણે વિવિધ સંસ્થાઓમાં શિક્ષણ આપ્યું. તેઓ આદ્યકવિ નરસિંહ મહેતાની કવિતાઓથી પ્રભાવિત થયા હતા.

રાજેન્દ્ર શુક્લાના પત્નિ નયના જાની ગુજરાતી કવિયત્રી છે. દાહોદમાં સંસ્કૃતનું અધ્યાપન કર્યા બાદ તેમણે સ્વૈચ્છિક રીતે નિવૃત્તિ લઇને પોતાના સંતાનોને ઘરે જ શિક્ષણ આપવાનું એક પ્રયોગ તરીકે શરૂ કર્યું. હાલમાં તેઓ અમદાવાદમાં વસે છે.

## સર્જન

એમના કાવ્યસંગ્રહો *કોમલ રિષભ* (૧૯૭૦) અને *અંતર ગંધાર* (૧૯૮૧)માં ગ્રામજીવન અને નગરજીવનના સ્વાનુભવથી, મનુષ્યને પૂરા રસથી ચાહવાની વૃત્તિથી અને સાહિત્ય ઉપરાંત સંગીત, જ્યોતિષ, ઇતિહાસ, તત્વજ્ઞાનાદિ વિષયોના અધ્યયનથી કેળવાયેલી એમની કવિ તરીકેની સજ્જતા જોઈ શકાય છે. એમની કવિતામાં અદ્યતન ભાવ-વિભાવનો તેમ જ કલાન્તિ, નૈરાશ્ય અને વિચ્છિન્નતાના અનુભવનો સ્પર્શ પમાય છે. કૃતિનિર્મિતિમાં ઝીણું નકશીકામ કરવાનો કલા-કસબ, કલા-આકૃતિ અંગેની સભાનતા અને પ્રયોગશીલ વલણને લીધે એમની કવિતા તાજગીસભર છે. એમના પ્રયોગોને આપણી બધી પરંપરાઓની સમૃદ્ધ ભૂમિકા સાંપડી છે. આધુનિક જગતનો પૂરો પરિવેશ આ કવિ પાસે છે; પણ એમનું માનસ, એમનું કવિસંવિત્ નર્યું ભારતીય છે. એ જેટલું પ્રશિષ્ટ છે તેટલું જ તળપદ છે. એમણે છાંદસ-અછાંદસ કાવ્યો અને ગીતો રચ્યાં છે, પરંતુ એમની વિશેષ સિદ્ધિ ગઝલમાં છે.

તેમણે છાંદસ-અછાંદસ કાવ્યો અને ગીતો લખ્યા છે. પરંતુ તેમની વિશેષ સિધ્ધિ ગઝલમાં છે. આધુનિક જગતનો પૂરેપૂરો પરિવેશ આ કવિ પાસે છે. પણ એમનું માનસ, એમનું કવિ સંવિતનર્યું ભારતીય છે. એ જેટલું પ્રશિષ્ટ છે, તેટલું જ તળપદ છે. એમના પ્રયોગોને આપણી પરંપરાઓની સમૃધ્ધ ભુમિકા સાંપડી છે. એમની આજ સુધીની કાવ્યયાત્રા *ગઝલસંહિતા*માં પાંચ ભાગમાં ગ્રંથસ્થ છે.

સોરઠમાં જન્મેલા અને ગિરનારની ગોદમાં ઊછરેલા આ કવિના સર્જક વ્યક્તિત્વ ઘડવામાં જૂનાગઢ, ગિરનાર અને નરસિંહ મહેતા સાથેના ભાવાત્મક અનુસંધાનોનો નોંધપાત્ર ફાળો છે. જૂનાગઢમાં રાજેન્દ્રભાઈને પ્રિન્સિપાલ તખ્તસિંહ પરમાર ગુરૂ જેવા મળ્યા. વળી તેઓ મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ', પાજોદ દરબાર, કવિશ્રી રુસ્વા મઝલૂમી જેવા સર્જકોના સંપર્કમાં આવ્યા. અહીં એમણે 'મંગળવારિયુ'અને 'મિલન' સંસ્થાના નેજા હેઠળ થતી કાવ્યપ્રવૃતિ ઉપકારક નિવડી.

રાજેન્દ્ર શુક્લ માત્ર ૨૦ વર્ષની વયે ઇ.સ. ૧૯૬૨માં એમનું પ્રથમ કાવ્ય *કુમાર* માં પ્રગટ થયું અને ગુજરાતને એક સ્વતંત્ર સર્ગશક્તિવાળા યુવા સર્જકનો પરિચય થયો. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ *કોમલ રિષભ* ઇસ ૧૯૭૦ માં પ્રકાશિત થયો. ઇસ ૧૯૭૨ માં સ્વવાચકતાની શોધરુપે બીજા કાવ્યો મળ્યાં અને ઇસ ૧૯૮૧ માં *અંતરગાંધાર* સંગ્રહ મળ્યો. ત્યાર બાદ એમનું સાતત્યપુર્ણ રીતે ચાલતુ રહ્યું. રાજેન્દ્ર શુક્લ ની ગઝલ એટલે ઉર્દુ, ગુજરાતી અને સંસ્કૃતનો મધુર સમન્વય. જો કે ગીત અને છંદોબધ્ધ તેમજ અછાંદસ રચનાઓમં પણ તેમણે ઊંચું ગજું દાખવ્યું છે. તેમની ભાષા પ્રાસાદિક અને ઊંચીં કોટીની છે. તેમની કવિતામાં મનુષ્યને રસથી ચાહવાની વૃત્તિ અને સાહિત્ય ઉપરાંત ઇતિહાસ, ફિલસૂફી વગેરેના અધ્યયનથી કેળવાયેલી એમની કવિની સજ્જતા જોઇ છે. કૃતિમાં ઝીણું નક્શીકામ કરવાના એમના કલા-કસબ ને લીધે એમની કવિતામાં તાજ્ગીસભર લાગે છે.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

## પુરસ્કાર

એમના પ્રથમ કાવ્યસંગ્રહ *કોમલ રિષભ* ને રમેશ પારેખ ના *ક્યાં* સંગ્રહ સાથે સંયુક્તરુપે ગુજરાત સરકારનું પારિતોષિક મળ્યું હતું. બીજો સંગ્રહ *અંતર ગાંધાર* પણ ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત થયો. આ સંગ્રહને ઇસ ૧૯૮૦-૮૧માં 'કવિ શ્રી ન્હાનાલાલ' પારિતોષિક અને 'ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક' પણ મળ્યું.૨૦૦૫માં તેમને *ગઝલ સંહિતા* માટે ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. તેમને ૨૦૦૬માં કવિતાનો સર્વોચ્ચ પુરસ્કાર નરસિંહ મહેતા એવોર્ડ મળ્યો હતો.[૫] ૨૦૦૬માં તેમને રણજિતરામ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો. તેમને *ગઝલ સંહિતા* માટે ૨૦૦૭માં સાહિત્ય અકાદમી એવોર્ડ મળ્યો.[૬] ૨૦૦૮માં તેમને નર્મદ ચંદ્રક, ૨૦૦૯માં વલી ગુજરાતી ગઝલ પુરસ્કાર અને ૨૦૦૧માં લેખરત્ન અને કલાપી પુરસ્કાર મળ્યો હતો.

# રાવજી પટેલ

**રાવજી છોટાલાલ પટેલ** (૧૫ નવેમ્બર, ૧૯૩૯, ૧૦ ઓગસ્ટ, ૧૯૬૮) આધુનિક યુગના ગુજરાતી કવિ, વાર્તાકાર અને નવલકથાકાર હતા.તેમનો જન્મ ખેડા જિલ્લાના વલ્લવપુરા ગામમાં થયો હતો. તેમનો એક માત્ર કાવ્યસંગ્રહ *અંગત* (૧૯૭૧)માં તેમનાં મૃત્યુ પછી પ્રકાશિત થયો હતો.

## જીવન

પ્રાથમિક શિક્ષણ ડાકોરમાં લીધા બાદ તેમણે અમદાવાદની નવચેતન હાઈસ્કૂલમાંથી એસ.એસ.સી. કર્યું અને નાણાંકીય મુશ્કેલીઓને કારણે આર્ટ્સ કૉલેજમાં માત્ર બે વર્ષ સુધીનો અભ્યાસ કરી શક્યા. તેમણે અમદાવાદની કાપડ મિલમાં, ગૂજરાત વિદ્યાપીઠના પુસ્તકાલયમાં, કુમારના કાર્યાલયમાં એમ વિવિધ સ્થળે નોકરી કરી. તેઓ થોડો સમય સંદેશ અને ગુજરાત સમાચાર સાથે સંલગ્ન રહ્યા હતા. થોડો સમય અમીરગઢ અને આણંદમાં રહ્યા બાદ તેઓ માત્ર ૨૯ વર્ષની વયે ક્ષય રોગથી અમદાવાદમાં અવસાન પામ્યા.

## સર્જન

ગ્રામીણ કૃષિચેતના અને આધુનિક ચેતનાના સંયોજનથી મનોહર ભાષારૂપો અવતારતી આ કવિની રચનાઓમાં અંગત વેદના અને મૃત્યુની અનુભૂતિઓ ઈન્દ્રિયવ્યત્યયોની તેમ જ પ્રતીકોની રમણીય સંદિગ્ધતાઓ રચે છે. ભાવતર્ક અને શબ્દસાહચર્યનાં અવલંબનો પર ઘૂંટાતા લયની તરેહો એનું મુખ્ય આકર્ષણ છે. ઊર્મિકાવ્યો અને ગીતકાવ્યોથી માંડી દીર્ઘકાવ્યો પર્યંત બુદ્ધિ કરતાં લાગણીનું ને આયાસ કરતાં સહજાનુભૂતિનું રંગદર્શી વર્ચસ નોખું તરી આવે છે. ક્યાંક કટાક્ષનો ભળતો સૂર પણ આસ્વાદ્ય છે. મૃત્યુ અને જિજીવિષાની ધરીઓએ આ કવિની સર્જકતાને વેગ આપ્યો છે. એમના મરણોત્તર કાવ્યસંગ્રહ 'અંગત' (૧૯૭૦)માં 'આભાસી મૃત્યુનું ગીત', 'સ્વ. હુંશીલાલની યાદમાં', 'સંબંધ' જેવી કેટલીક યશસ્વી રચનાઓનો સમાવેશ છે.

*અશ્રુઘર* (૧૯૬૬) એમની નવલકથા છે. ક્ષયગ્રસ્ત નાયકના રોગમૃત્યુની કરુણકથાનો, આમ તો સામાન્ય ગણી શકાય એવો વિષય કલ્પનસંવેગથી ભરીને ભાષાની કવિત્વપૂર્ણ અભિવ્યક્તિથી નિરૂપણમાં એકદમ વિશિષ્ટ બન્યો છે. એમની 'ઝંઝા' (૧૯૬૭) નવલકથા પૂર્વાર્ધના વિકાસ પછી ઉત્તરાર્ધમાં કથળતી જતી રીતિગતિનો અનુભવ કરાવે છે. છતાં ડાયરી, નવલ રચાતી હોય એવો રચનાપ્રપંચ અને કાવ્યાત્મક ગદ્ય-એ સર્વ, નાયક પૃથ્વી જે રીતે અભિવ્યક્ત થવા માગે છે તેમાં સક્ષમ નીવડ્યાં છે.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ

www.tethtatguru.com ની મુલાકાત લો

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

*વૃત્તિ અને વાર્તા* (૧૯૭૭) રઘુવીર ચૌધરીના ટૂંકા આમુખ સાથેનું એમનું મરણોત્તર પ્રકાશન છે. એમાં આઠમા પ્રકરણે અધૂરી રહેલી નવલકથા 'વૃત્તિ' અને અગિયાર ટૂંકીવાર્તાઓનો સમાવેશ થયો છે. 'વૃત્તિ'માં જાનપદી અને નગરજીવનની ભૂમિકાની પડછે ઊપસેલું ભાષાકર્મ આસ્વાદ્ય છે; તો એમની વાર્તાઓમાં રચનારીતિનું વૈવિધ્ય ધ્યાન ખેંચે છે. 'કીડી કેમેરા અને નાયક' જેવી પ્રયોગશીલ વાર્તા કે 'છબિલકાકાનો બીજો પગ' જેવી પ્રભાવક વાર્તા નોંધપાત્ર છે.

*અંગત (૧૯૭૧)* રાવજી પટેલનો છાંદસ, અછાંદસ, ગીત, ગઝલ અને દીર્ઘ રચનાઓને સમાવતો મરણોત્તર કાવ્યસંગ્રહ. ઉત્તમ અને લોકપ્રિય તત્વોના સંમિશ્રણમાંથી જન્મેલું રાવજીની કવિતાનું ક્લેવર 'દગ્ધ ઋષિકવિ'નું છે. અહીં નગરમાં આવી પડવાથી છિનવાઈ ગયેલા ગ્રામીણ અસબાબની ઝંખા છે. ક્ષયની શય્યાગ્રસ્ત રુગ્ણતા અને નિષ્ક્રયતા સાથે બહારના જગતના થયેલા વિયોગની વેદના છે તેમ જ મૃત્યુનું વૈયક્તિતક વેદન છે. રાવજીની કવિતામાં શબ્દબળ સાથે રહેલું ઈન્દ્રિયબળ પણ નોંધપાત્ર છે. અહીં પરંપરાનું જમા પાસું છે, તો શબ્દના અર્થને પરંપરાની તર્કસીમામાંથી છોડાવવાની જહેમત પણ છે. મૃત્યુનો હળવો ઉપહાસ રચતી 'સ્વ. હુંશીલાલની યાદમાં', ભિન્ન ભિન્ન મિજાજમુદ્રાઓ અને બદલાતાં વાસ્તવ પરિમાણો બતાવતી 'સંબંધ' અને આરંભથી અંત સુધી ઈન્દ્રિયગત ચમત્કૃતિઓની હારમાળા સર્જતી 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' મહત્વની રચનાઓ છે.

*અશ્રુધર (૧૯૬૬)* રાવજી પટેલની પહેલી નવલકથા. ક્ષયથી પીડાતા કથાનાયક સત્યનું પાત્ર કથાના કેન્દ્રમાં છે. સૅનેટોરિયામથી વતન ભણી અને ફરીને વતનથી સૅનેટોરિયમ ભણીની નાયકની યાત્રા વચ્ચે આપ્તજનની હૂંફ જેવું પાત્ર છે નાયિકા લલિતાનું. પરંતુ લલિતાની પ્રથમ પ્રાપ્તિથી માંડી લલિતાની અંતિમ પ્રાપ્તિ વચ્ચે વેદનાની જે ગતિવિધિ નવલકથાકારે ઉપસાવી છે, ભાવવળાંકો અને ભાવસંક્રમણો જે રીતે નિરૂપ્યાં છે, અભિવ્યક્તિની જે તાજગી અને ભાષાની જે કાવ્યાત્મકતા ઉપસાવી છે તે આ નવલકથાને આકર્ષક ઠેરવે છે.

*ઝંઝા (૧૯૬૬)* રાવજી પટેલની નવલકથા. ક્યાંક બેએક પત્રનો આશ્રય લેવાયો છે, એ સિવાય મુખ્યત્વે મુખ્યપાત્ર પૃથ્વીની ડાયરીરૂપે આ કથા રજૂ થઈ છે. આ કથામાં નાયકનું અસ્તિત્વ સંબંધોનાં સંવેદનો વચ્ચે ઉપસાવવાનો પ્રયત્ન છે. સંબંધોને જ લક્ષમાં રાખી નાયકનો શરૂનો ગૃહત્યાગ અને અંતનો ગૃહપ્રવેશ મૂલવી શકાય. પૂર્વાર્ધ સુધી વિકસતી રહેલી આ નવલકથાનું ઈન્દ્રિયસંવેદ્ય ગદ્ય એનું બળુકું અંગ છે.

તેમનું અમર ગીત *મારી આંખે કંકુના સુરજ આથમ્યા* ગુજરાતી સાહિત્યમાં એક સીમાચિહ્ન સમાન છે.આ ગીત ગુજરાતી સાહિત્યના પ્રવાહ અને શૈલીમાં ઘણો ફેરફાર લાવ્યું જે હવે આધુનિક ગુજરાતી સાહિત્ય ગણાય છે.

# ચિનુ મોદી

## ચિનુ મોદી



| | |
|---|---|
| જન્મ | ૩૦ સપ્ટેમ્બર, ૧૯૩૯<br>વિજાપુર, સાબરકાંઠા, ગુજરાત |
| વ્યવસાય | અધ્યાપક, સ્ક્રિપ્ટ લેખક |
| ભાષા | ગુજરાતી |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| મુખ્ય પુરસ્કારો | **સાહિત્ય અકાદમી એવોર્ડ**<br>૨૦૧૩ |

**મોદી ચિનુ ચંદ્રુલાલ**, ઉપનામ: *ઇર્શાદ* (૩૦ સપ્ટેમ્બર, ૧૯૩૯) જાણીતાં ગુજરાતી કવિ, નાટ્યકાર, નવલકથાકાર, વાર્તાકાર અને વિવેચક છે. તેમનો જન્મ ઉત્તર ગુજરાતના વિજાપુરમાં થયો હતો અને પ્રાથમિક શિક્ષણ વિજાપુરમાં થયું. માધ્યમિક શિક્ષણ તેમણે ધોળકા, અમદાવાદમાં પૂર્ણ કર્યું. ૧૯૫૪માં મૅટ્રિક. ૧૯૫૮માં ગુજરાતી-ઇતિહાસ વિષયો સાથે બી.એ. ૧૯૬૦માં એલએલ.બી. ૧૯૬૧માં ગુજરાતી હિન્દી વિષયોમાં ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ. ૧૯૬૮માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિદ્યાવાચસ્પતિની ઉપાધિ. ૧૯૬૧ થી ૧૯૬૪ સુધી કપડવંજ અને તલોદની કૉલેજોમાં અધ્યાપન. ૧૯૬૫ થી ૧૯૭૫ સુધી અમદાવાદની સ્વામીનારાયણ આર્ટસ કૉલેજમાં અધ્યાપક. ૧૯૭૫ થી ૧૯૭૭ સુધી ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનમાં સ્ક્રિપ્ટ-રાઈટર. ૧૯૭૭ થી જાહેરાત ક્ષેત્રે ફ્રી લાન્સર, ‘રે’, ‘કૃતિ’, ‘ઉન્મૂલન’ અને હોટેલ પોએટ્સ ગ્રુપ એસોસિએશનના તંત્રી.

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

## અભ્યાસ

- પ્રાથમિક શિક્ષણ - વિજાપુર; માધ્યમિક- ધોળકા, અમદાવાદ
- ૧૯૫૪ - મેટ્રિક
- ૧૯૫૮ - બી.એ. ( ગુજરાતી/ ઇતિહાસ) , ગુ.યુનિ.
- ૧૯૬૦ - એલ.એલ.બી., ગુ.યુનિ.
- ૧૯૬૧ - એમ.એ. ( ગુજરાતી/ હિન્દી) , ગુ.યુનિ.
- ૧૯૬૮ - ગુજરાત વિદ્યાપીઠ, વિદ્યાવાચસ્પતિ ( પી.એચ.ડી.)

## વ્યવસાય

- 1961-64 - કપડવંજ અને તલોદની કોલેજોમાં અધ્યાપન
- 1965- 75 - અમદાવાદમાં સ્વામીનારાયણ આર્ટ્સ કોલેજમાં અધ્યાપક
- 1975- 77 - અમદાવાદમાં ઇસ્રો(ISRO)માં સ્ક્રીપ્ટરાઇટર
- 1977 થી - જાહેરાત ક્ષેત્રે ફ્રીલાન્સર

## જીવન

- પિતાના આઇ.એ.એસ. કરવાના આગ્રહને ઠુકરાવી ગુજરાતી શિક્ષક બનવાની હિમ્મત.
- પુત્રનો કવિતાપ્રેમ પસંદ ન હોવા છતાં ચંડીપાઠી અને અનુવાદક પિતાએ પોતાના ખર્ચે તેમનો 'વસંત વિલાસ' - સમશ્લોકી અનુવાદ છપાવી આપ્યો હતો.
- જ્ઞાતિ બહાર લગ્ન કરવા માટે માતાનો પ્રકોપ વહોર્યો.
- 'રે' મઠના મુખ્ય કવિ, રાજેન્દ્ર શુકલ, લાભશંકર ઠાકર, રાવજી પટેલ વિ. સહ મિત્રો
- 'રે' , કૃતિ, ઉન્મૂલન, ઓમિસિયસ ( હોટેલ પોએટ્સ ગ્રુપ) સામાયિકોના તંત્રી
- 'આકંઠ સાબરમતી' માં લાભશંકર ઠાકર સાથે નાટ્યપ્રયોગની વર્કશોપ અંગે સંકળાયેલા હતા.
- તસ્બી અને ક્ષણિકા કાવ્યપ્રકારો ના સર્જક
- અકાશવાણી અને ટી.વી. પર ઘણા કાર્યક્રમો આપ્યા છે
- વિદેશમાં અનેક પ્રવાસો અને કવિતા સર્જન માટેની વર્કશોપો કરી છે.
- માતા-શશિકાન્તા; પિતા- ચંદુલાલ
- પત્ની: ૧. લગ્ન – ૧૯૫૮ (કડી), ૨. હંસા – ૧૯૭૭ (અમદાવાદ)
- સંતાનો: ત્રણ

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો

## સર્જન

ચિનુ મોદીએ કુલ ૫૨ પુસ્તકોનું સર્જન કર્યું છે.

- કવિતા- વાતાયન, ઊર્ણનાભ, શપિત વનમાં, દેશવટો, ક્ષણોના મહેલમાં, દર્પણની ગલીમાં, ઈર્શાદગઢ, બાહુક ( નળાખ્યાન આધારિત ખંડકાવ્ય), અફવા , ઈનાયત, પર્વતને નામે પથ્થર
- નાટક - ડાયલનાં પંખી ( પદ્યમાં એબ્સર્ડ એકાંકી), કોલબેલ, હુકમ માલિક, જાલકા, અશ્વમેઘ
- નવલકથા- શૈલા મજમુદાર ( આત્મકથાનક) , ભાવચક્ર, લીલા નાગ, હેંગ ઓવર, ભાવ અભાવ ( વિશેષ જાણીતી કથા), પહેલા વરસાદનો છાંટો
- વાર્તાસંગ્રહ - ડાબી મૂઠી, જમણી મૂઠી( પદ્ય-સભર વાર્તાઓ)
- વિવેચન - મારા સમકાલીન કવિઓ, બે દાયકા ચાર કવિઓ, ખંડકાવ્ય સ્વરૂપ અને વિકાસ
- ચરિત્ર - કૃષ્ણલાલ શ્રીધરાણી
- સંપાદન - ગુજરાતી પ્રતિનિધી ગઝલો, ચઢો રે શિખર રાજા રામના, ગમી તે ગઝલ
- અનુવાદ- વસંતવિલાસ ( મધ્યકાલીન ફાગુકાવ્યોનો અનુવાદ)

એમની પ્રારંભકાળની ‘વાતાયન’ (૧૯૬૩)ની કવિતા સંવેદન અને છંદઆયોજન પરત્વે અનુગાંધીયુગીન સૌંદર્યલક્ષી કવિઓની કવિતાને અનુસરે છે; પરંતુ ‘રે મઠ’ના કવિમિત્રોના સંપર્કમાં આવ્યા પછી તરત એમની કવિતામાં આધુનિક કવિતાનો મિજાજ પ્રગટ થાય છે. ‘વાતાયન’ની રચનાઓને સમાવી એમાં બીજી રચનાઓ ઉમેરીને પ્રગટ કરેલા સંગ્રહ ‘ઊર્ણનાભ’ (૧૯૭૪)ની કવિતામાં છાંદસની સાથે અછાંદસ કવિતા રચવાનું વલણ દેખાય છે. ત્યારપછી પ્રગટ થયેલા ‘શાપિત વનમાં’ (૧૯૭૬) અને ‘દેશવટો’ (૧૯૭૮)ની રચનાઓમાં એ વલણ વિશેષ પ્રભાવક બને છે. જીવન પ્રત્યેની નિર્ભ્રાન્તિ, એકવિધ જીવન પ્રત્યેની ઉબક, માનવસમાજે ઊભાં કરેલાં મૂલ્યોની મજાક વગેરે આધુનિક સંવેદન એમાં વ્યક્ત થાય છે. અછાંદસ રચનાઓની સાથે ગઝલ પણ ‘રે મઠ’ના કેટલાક કવિમિત્રો દ્વારા આધુનિક મિજાજની વાહક બની પોતાનું નૂતન રૂપ સિદ્ધ કરે છે. ગઝલનું આ નૂતન રૂપ સિદ્ધ કરવામાં આ કવિનો પણ અગત્યનો ફાળો છે તે ‘ક્ષણોના મહેલમાં’ (૧૯૭૨), ‘દર્પણની ગલીમાં’ (૧૯૭૫) અને ‘ઇર્શાદગઢ’ (૧૯૭૯)ની ગઝલોમાં જોઈ શકાય છે. ‘તસ્બી’ પ્રકારની નવા સ્વરૂપવાળી ગઝલ કવિનો પોતીકો ઉન્મેષ છે. ‘બાહુક’ (૧૯૮૨) ‘નળાખ્યાન’ના પૌરાણિક પાત્ર બાહુકને વિષય બનાવી સંસ્કૃતાઢય શૈલી અને અલંકારવૈભવથી ખંડકાવ્યના નૂતન રૂપને સિદ્ધ કરવા મથતું, નગરવિયોગને વાચા આપતું પરલક્ષી કાવ્ય છે.

‘રે મઠ’ના કવિમિત્રો સાથે રહી કવિતાની સાથે નાટ્યરચનામાં પણ પ્રયોગશીલ વલણ એમનાં નાટકોએ દાખવ્યું છે તે ‘ડાયલનાં પંખી’ (૧૯૬૭)નાં પદ્યમાં રચાયેલાં ઍબ્સર્ડ એકાંકીઓ બતાવે છે. આ અને પછીનાં ‘કૉલબેલ’ (૧૯૭૩)નાં એકાંકીઓમાં નાટ્યસિદ્ધિ કરતાં પ્રયોગપ્રિયતા વિશેષ છે. પરંતુ ‘આકંઠ સાબરમતી’ના નાટ્યપ્રયોગની વર્કશોપ શરૂ થઈ ત્યારપછી રચાયેલાં ‘હુકમ, માલિક’ (૧૯૮૪)નાં એકાંકીઓમાં નાટ્યતત્વ વિશેષ સિદ્ધિ થયું છે. એમાંની શીર્ષકદા ‘હુકમ, માલિક’ કૃતિમાં ચૈતન્યવિહીન યંત્રસંસ્કૃતિએ માનવજીવનને કેવો ભરડો લીધો છે એ વિચારને અરબી કથાના જીનની વાત દ્વારા સુંદર અભિવ્યક્તિ મળી છે. ‘જાલકા’ (૧૯૮૫) એ ‘રાઈનો પર્વત’ નાટકના જાલકાના પાત્રને કેન્દ્રમાં મૂકી રચાયેલું, સ્ત્રીમાં રહેલાં મહત્વાકાંક્ષા અને પુત્રપ્રેમને વ્યક્ત કરતું નવપ્રવેશી ત્રિઅંકી નાટક છે. ‘અશ્વમેઘ’ (૧૯૮૬) એ યજ્ઞના અશ્વ અને અશ્વમેઘ કરનાર રાજાની રાણી વચ્ચેના જાતીય સંભોગની શાસ્ત્રોક્ત વિધિને વિષય બનાવીને રચાયેલું, સ્ત્રીમાં રહેલી કામાવેગની ઉત્કટતા અને એમાંથી સર્જાતી પરિસ્થિતિને આલેખતું ધ્યાનપાત્ર ત્રિઅંકી નાટક છે. આમ, એકાંકી પરથી અનેકાંકી નાટ્યરચના તરફની લેખકની ગતિ જોઈ શકાય છે.

કવિતા અને નાટકના સર્જનની સાથે સાથે એમનું નવલકથાસર્જન પણ સમાંતરે ચાલતું રહ્યું છે ખરું, પણ એમાં સિદ્ધિ ઓછી છે. ‘શૈલા મજમુદાર’ (૧૯૬૬) આત્મકથાત્મક રીતિમાં રચાયેલી, બે પુરુષોના સંપર્કમાં આવતી, દરેક પુરુષ પોતાને સ્ત્રી તરીકે નહીં પરંતુ એક વ્યક્તિ તરીકે જુએ એમ ઝંખતી અને એમાં નિરાશ થતી નાયિકાની કથા છે. ‘ભાવચક્ર’ (૧૯૭૫)ના એક ખંડમાં ‘શૈલા

મજમુદાર'ની કથાનું જ પુનરાવર્તન છે. બીજા ખંડમાં પૂર્ણેન્દુ શર્માના પરિપ્રેક્ષ્યથી બનેલી ઘટનાને જોઈ છે ખરી પણ એનાથી કૃતિને કોઈ વિશેષ પરિમાણ પ્રાપ્ત થતું નથી. ગ્રામપરિવેશવાળી 'લીલા નાગ' (૧૯૭૧) મનુષ્યમાં રહેલા જાતીય આવેગ અને તેની વિકૃતિની કથા છે. 'હેંગ ઓવર' (૧૯૮૫) કામના ઉત્કટ આવેગવાળી સ્ત્રીમાં જન્મતી ઉદ્દંડ પ્રગલ્ભતાને આલેખે છે. એમની વિશેષ જાણીતી બનેલી નવલકથા 'ભાવ-અભાવ' (૧૯૬૯) પોતાના અસ્તિત્વથી સભાન બનેલા એક માનવીની જીવનકથા છે. વિચારતત્વનું ભારણ આ લઘુકૃતિની કલાત્મકતાને જોખમાવે છે. 'પહેલાં વરસાદનો છાંટો' (૧૯૮૭) એમની ધારાવાહી નવલકથા છે. 'ડાબી મૂઠી જમણી મૂઠી' (૧૯૮૬) એમનો ઠેરઠેર પદ્યપંક્તિઓતી મંડિત પ્રયોગલક્ષી વાર્તાસંગ્રહ છે.

'મારા સમકાલીન કવિઓ' (૧૯૭૩) અને પછી એ ગ્રંથના લેખોમાં બીજા લેખ ઉમેરી પ્રગટ કરેલા ગ્રંથ 'બે દાયકા ચાર કવિઓ' (૧૯૭૪)માં ચાર આધુનિક કવિઓ મણિલાલ દેસાઈ, રાવજી પટેલ, લાભશંકર ઠાકર અને મનહર મોદીની કવિતાની સૂઝભરી સહૃદયી તપાસ છે. 'ખંડકાવ્ય-સ્વરૂપ અને વિકાસ' (૧૯૭૪) એ મહાનિબંધ તથા 'કૃષ્ણલાલ શ્રીધરાણી' (૧૯૭૯) એ ગુજરાતી ગ્રંથકાર શ્રેણીની પુસ્તિકા લેખકની કાવ્યવિષયક સૂઝની પ્રતીતિ કરાવે છે. 'ચઢો રે શિખર રાજા રામના' (૧૯૭૫) અને 'ગમી તે ગઝલ' (૧૯૭૬) પૈકી પહેલું ચંદ્રવદન મહેતાની પ્રતિનિધિ કવિતાનું, તો બીજું આધુનિક ગઝલકારોની નીવડેલી ગઝલોનું સંપાદન છે. 'વસંતવિલાસ' (૧૯૫૭) એ જ નામના મધ્યકાલીન ગુજરાતી ફાગુકાવ્યનો અનુવાદ છે.

ઇર્શાદગઢ : ચિનુ મોદીનો, ગઝલો અને દશ તસ્બીઓ સમાવતો કાવ્યસંગ્રહ. 'તસ્બી' 'ક્ષણિકા' પછીનો કવિનો બીજો પ્રયોગ છે. આ બંને દ્વારા ગઝલના સ્વરૂપને એકત્વ આપવાનો પ્રયત્ન થયો છે. 'ક્ષણિકા'માં પહેલા શેરના કાફિયા રદીફને છેલ્લા શેરમાં પુનરાવર્તિત કરવામાં આવે છે, ત્યારે 'તસ્બી'માં મત્લા અને મકતાને લગભગ એકાકાર કરી તખલ્લુસને દોહરાવી પ્રારંભના અને અંતના છેડાને એક કરવાથી રચનાનું વર્તુળ પૂરું થાય છે. 'પર્વતને નામે પથ્થર દરિયાને નામે પાણી' એ જાણીતી તસ્બી અહીં છે; તો ગઝલોમાં અંગત વેદના ભાષા-સંવેદનનું પ્રેરક બળ બની છે.

બાહુક (૧૯૮૨): ચિનુ મોદીની, સંવિધાન અને શૈલીથી નોખી તરી આવતી દીર્ઘ કાવ્યરચના. ત્રણ સર્ગમાં વિસ્તરેલી આ રચના અરણ્યમાં જવા પૂર્વે નળ દમયંતી સાથે નગરની બહાર ત્રણ રાત્રિ ગાળે છે એને લક્ષ્ય કરી, નગરવિચ્છેદ અને એથી થતી વેદનાનું એક વિશેષ પરિમાણ મૂળના 'નલોપાખ્યાન'માં ઉમેરે છે. ઘટનાહ્રાસ, વર્ણન, સંવાદ અને કવિતાના મિશ્રણથી બંધાયેલા કલેવરે અછાંદસ, વૃત્તબંધ અને માત્રાબંધમાં અભિવ્યક્તિ સાધી છે, નળ, વૈદર્ભી અને બૃહદશ્વ-આ દીર્ઘરચનાનાં ત્રણ ઘટકપાત્રો છે.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.